

# સાધુહૃદયની
## પ્રાર્થનાગંગા



દીપાવલીના ઉત્સવોના આરંભ થયા છે.

**પ્રથમ ઉત્સવ એકાદશી...**

વ્રત-ઉપવાસ, તપનો દિવસ
દશ ઇન્દ્રિય ને અગિયારમું મન
પ્રભુ સન્મુખ રાખીશું, પવિત્ર કરી લઈશું
તે સંકલ્પ કર્યા ને દીપ પ્રગટાવ્યા
અંતરે અજવાળાં પથરાયાં તે અનુભૂતિ થઈ.

**બીજો ઉત્સવ વાઘબારશ...**


આજનો સંકલ્પ છે શાંત થવાનો
મન શાંત, આત્મામાં પરમ શાંતિ
કોઈને કનડવું નથી... સૌને પ્રેમ કરવો છે
સૌનો સ્વીકાર કરવો છે... સૌમાં પ્રભુસંબંધ જોવો છે
સૌને નિર્દોષ માનવા છે... સૌ સ્વજન છે
તેથી સૌ વ્હાલા છે, આપણા પોતાના છે
વર્તન અને વ્યવહારે પ્રેમ ધારવો છે
કોઈને દુઃખ ન જ પહોંચે તે વર્તન કરવાં છે
આ સૌ પ્રભુનાં સંતાનો છે
મારા ગુરુ સાહેબનાં લાડકાં છે
સૌ ભાઈ-ભાંડું ને સૌ વડીલો-સ્વજનો
તે ભાવે વર્તન વ્યવહાર કરવા વાઘના સ્વભાવ છોડવા છે
રાંક બનવું છે... દાસ બનવું છે
સૌની સેવા કરી જ લેવી છે
આ ભાવનાં વર્તન કરવા માટે વાઘબારશે...
પ્રભુના ચરણે... ગુરુચરણે પ્રાર્થના છે !
હે દયાળુ !
અમ સૌને દાસ બની સેવા કરી લેવા
શક્તિ ભક્તિ ને સામર્થી દેજો !

**ત્રીજો ઉત્સવ ધનતેરશ...**

શ્રી લક્ષ્મીજીની પૂજા કરી.
અમે જે કમાયા તે તમારું, આપનું આપને અર્પણ
આ અર્પણ આજે આંશિક – તે પૂર્ણ કરાવજો પ્રભુ !
તે ભાવ ધર્યા... પ્રાર્થના કરી.
લક્ષ્મી અમારી માતૃશક્તિ
તે દિવ્ય છે પવિત્ર છે; તે અમ જીવનમાં પ્રવેશ્યાં
તે અમને સુખ દેવાને અર્થે
તે કલેશ ન કરાવે, દુઃખી તો કદી ન જ કરે
તે ભાવે આવકારીએ, તેનાં અભિવાદન કરીએ
તેનાં જતન કરીએ, તે માટે પ્રાર્થનાઓ કરીએ.
અમે પ્રભુનાં સંતાનો
પ્રભુએ દીધું તે સઘળું
પ્રભુને અર્પણ... પૂર્ણ સમર્પણ
તે અનાસક્તિભાવ છે
તેવા અનાસક્ત અમને બનાવો.

**ચોથો અને પાંચમો ઉત્સવ દિવાળી અને બેસતું વર્ષ...**

પ્રભુના પ્રગટ સ્વરૂપ ગુરુહરિ સાહેબજીના યથાર્થ સ્વરૂપને ઓળખવા
રૂપી જ્ઞાનદીપ આ દિવાળીએ પ્રગટાવીએ.
નૂતનવર્ષ અને શેષ જીવનની પ્રત્યેક પળે
હે પ્રભુ ! હે સાહેબદાદા !
કેવળ તમારી મૂર્તિ જોઈએ
તે વિનાનું જે કંઈ છે તે આપનું
તે ભાવનાં નિર્મળ જીવન બનાવો તે માગ્યું
તે જરૂર થવાનું જ તે શ્રદ્ધા કરી
આ વર્ષની દીપોત્સવીના સર્વ ઉત્સવો ઉમંગથી ઊજવ્યા
અમે સૌ ધન્ય થઈ ગયા.



સાધુ શાન્તિદાસના જય સ્વામિનારાયણ.

**બ્રહ્મજ્યોતિ, વાઘબારશ, ૨૫ તથા ૨૭ ઑક્ટોબર, ૨૦૦૮**